# પથિક

(ઇતિહાસ-પુરાતત્ત્વનું એક માત્ર ગુજરાતી માસિક)

આદ્ય તંત્રી સ્વ. માનસંગજી બારડ


તંત્રીમંડળ

ડૉ. નાગજીભાઈ ભટ્ટી, ડૉ. ભારતીબહેન શેલત,

પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ

વર્ષ : ૩૮ મું, અંક : ૮ | વિ.સં.૨૦૫૪ : વૈશાખ | સન ૧૯૯૮ : મે

## ઈ.સ.૧૮૯૧ના વડોદરા રાજ્યના એક મકાનની ભાડીચિઠ્ઠી



Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પથિક

## ૧૫ ઑગસ્ટ

## સ્વાતંત્ર્ય સુવર્ણ જયંતી વિશેષાંક

કોઈ પણ વિશેષાંક બહાર પાડવો એ ખર્ચાળ પ્રક્રિયા છે. 'પથિક'ને આર્થિક રીતે સદ્ધર બનાવવા આ વિશેષાંકમાં મિત્રો પાસેથી જાહેરાતો મેળવી મોકલી આપવા વિનંતી છે.

## જાહેરાતના દર

ટાઈટલ પેજ ૨-૩ – આખું પાનું રૂા. ૨000/-

ટાઈટલ પેજ ૪ – આખું પાનું રૂા. ૫000/-

અંકની અંદરનું આખું પાનું રૂા. ૧000/-

જાહેરાતનું મેટર તથા ચેક/ડ્રાફ્ટ **'પથિક કાર્યાલય'**ના નામનો કઢાવી. C/O. ભો.જે. વિદ્યાભવન, એચ. કે. કૉલેજ કેમ્પસ, આશ્રમ રોડ, અમદાવાદ-૯ ના સરનામે મોકલી આપવા.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વ. માનસંગજી બારડ સ્મારક ટ્રસ્ટ
ટ્રસ્ટી-મંડળ
ડૉ. કે. કા. શાસ્ત્રી, ડૉ. ચિનુભાઈ નાયક, ડૉ. નાગજીભાઈ ભટ્ટી,
ડૉ. ભારતીબહેન શેલત, પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ

# પથિક

વર્ષ ૩૮ મું ] વૈશાખ, સં. ૨૦૫૪ : મે, ૧૯૯૮ [ અંક ૮

## અનુક્રમ

| | | |
|---|---|---|
| કચ્છ વિશે કેટલીક નોંધ | – અશ્વિન કે. અંતાણી | ૧ |
| બ્રિટિશકાલના વડોદરા રાજ્યના એક મકાનની ભાડાચિઠ્ઠી | – વિભૂતી વિ. ભટ્ટ | ૪ |
| બ્રિટિશકાલીન અમદાવાદની વાઘેશ્વર પોળના મકાનનું ખતપત્ર | – પ્રા. વિકેશ પંડ્યા | ૬ |
| એકલિંગજી મહાદેવ | – હસમુખભાઈ વ્યાસ | ૧૨ |
| લોકસાહિત્યના કેટલાંક અલ્પજ્ઞાન લગ્નગીતો-એક દૃષ્ટિપાત | – જયંતિ કે ઉમરેઠિયા | ૧૩ |
| સૌરાષ્ટ્ર-કચ્છ ઇતિહાસ પરિષદનું ૧૧મું જ્ઞાનસત્ર | –ડૉ. મુગટલાલ બાવીસી | ૧૫ |

## સ્વાતંત્ર્ય સુવર્ણ જયંતી વિશેષાંક

આપણી આઝાદીનું આ સુવર્ણ જયંતી વર્ષ હોવાથી પથિકનો આગામી જુલાઈ-ઑગસ્ટ અંક સ્વાતંત્ર્ય સુવર્ણ જયંતી વિશેષાંક તરીકે ૧૫ ઑગસ્ટે પ્રસિદ્ધ થશે.

આ અંકમાં ઈ.સ. ૧૮૫૭ થી ઈ.સ. ૧૯૪૭ સુધીની સ્વાતંત્ર્યની લડત, સ્વાતંત્ર્ય સેનાનીઓની ભૂમિકા તથા રાષ્ટ્રવાદ અંગેના લેખો તેમજ તસ્વીરો પણ સ્વીકારવામાં આવશે. લેખકોને વિનંતી કે આ વિષયને લગતા પોતાના સપ્રમાણ લેખો જૂન મહિનાના અંત સુધીમાં પથિક કાર્યાલયના સરનામે મોકલી આપવા.

સંપાદક : સુભાષ બ્રહ્મભટ્ટ

વાર્ષિક લવાજમ રૂ. ૩૫/- પાત્રીસ : છૂટક નકલના રૂ.૪-૫૦
ટપાલ ખર્ચ સાથે : આજીવન સહાયકના રૂ. ૪૦૧/-
લવાજમ માટે મ.ઓ. યા બેન્ક ડ્રાફ્ટ 'પથિક કાર્યાલય'ના નામનો કઢાવી મોકલવો.

### સૂચના

પથિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થાય છે પછીના ૧૫ દિવસમાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં લિખિત ફરિયાદ કરવી અને નકલ અમને મોકલવી.

પથિક સર્વોપયોગી વિચારભાવના અને જ્ઞાનનું માસિક છે. જીવનને ઊર્ધ્વગામી બનાવતાં અભ્યાસપૂર્ણ અને શિષ્ટ મૌલિક લખાણોને સ્વીકારવામાં આવે છે.

પ્રસિદ્ધ થઈ ગયેલી કૃતિને ફરી પ્રસિદ્ધ કરવા માટે ન મોકલવાની લેખકોએ કાળજી રાખવી.

કૃતિ સારા અક્ષરે શાહીથી અને કાગળની એક જ બાજુએ લખેલી હોવી જોઈએ. કૃતિમાં કોઈ અન્ય ભાષાનાં અવતરણ મૂક્યાં હોય તો એનો ગુજરાતી તરજૂમો આપવો જરૂરી છે.

કૃતિમાંના વિચારોની જવાબદારી લેખકની રહેશે.

પથિકમાં પ્રસિદ્ધ થતી કૃતિઓના વિચારો-અભિપ્રાયો સાથે તંત્રી સહમત છે એમ ન સમજવું.

અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા જરૂરી ટિકિટો આવી હશે તો તરત પરત કરાશે.

નમૂનાના અંકની નકલ માટે ૫-૦૦ ની ટિકિટો મોકલવી.

મ.ઓ.ડ્રાફ્ટ-પત્રો માટે લખો :
**પથિક કાર્યાલય**
C\o. ભો. જે. વિદ્યાભવન,
આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯
એ સ્થળે મોકલો.

પથિક કાર્યાલય વતી મુદ્રક પ્રકાશક : પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ, C\o. ભો. જે. વિદ્યાભવન, એચ. કે. કૉલેજના કેમ્પસમાં, આશ્રમ રોડ, અમદાવાદ-૯
મુદ્રણસ્થાન : ક્રિશ્ના ગ્રાફિક્સ, ૯૬૬, નારણપુરા જૂના ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩ ★ ફોન : ૭૪૮૪૩૯૩ . તા. ૧૫-૫-૯૮

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કચ્છ વિશે કેટલીક નોંધ

– અશ્વિન કે. અંતાણી*

કચ્છ પ્રદેશ દેશના અન્ય વિસ્તારથી વરસો સુધી વિખૂટો રહેલ હતો પરંતુ વિશ્વના અન્ય વિભાગોથી જુદો ન હતો. વરસો સુધી કચ્છ પર સતત આક્રમણ થતાં હતાં. સંસ્કૃતિઓનો સંગમ થતો હતો. તેમાંથી કચ્છની અસલિયત અને અસ્મિતા જાળવવાની ભાવના પ્રબળ બનતી હતી. આઝાદી પછી દેશના રાષ્ટ્રિય પ્રવાહમાં કચ્છ સામેલ થયું છે. જૂના સમયના રજવાડી વિકાસના અભિગમના બદલે યોજનાબદ્ધ વિકાસ પ્રક્રિયામાં દાખલ થયો છે. કચ્છ પ્રદેશ સરહદી વિસ્તાર હોવાથી રાજકીય, આર્થિક અને સંરક્ષણના મહત્ત્વના કારણે લોકોના ધ્યાનને પાત્ર બનેલ છે. કચ્છ સાથે સંબંધિત જૂના સમયની વેરવિખર પડેલ માહિતીને નોંધરૂપે એકત્રિત કરેલ છે.

(૧) કચ્છના મોટા રણમાં ખડીર બેટના ઉત્તર પશ્ચિમે હાલના ધોળાવીરા ગામથી અંદાજે દોઢ કિલોમીટર ઉત્તર પશ્ચિમે મોટા કિલ્લા સહિતના શહેરી વસાહતના અવશેષો છે. જેનું ઉત્ખનન કરતાં મહાનગરના પુરાવશેષો પ્રકાશમાં આવેલા છે. આ નગર દરિયાઈ સંપર્ક ધરાવતું બંદર હતું. જેનો બહારની દુનિયા સાથેનો સંપર્ક કપાઈ જતાં એ ઉજ્જડ થયું છે એમ ડૉ. સુમનબેન પંડ્યાએ મે ૧૯૯૭ના પથિકમાં લખેલ છે.

ઢુકસંહિતામાં બહારની દુનિયા સાથે સંપર્ક કરનારા હિંદના લોકોને 'પણિ' કહેવામાં આવેલ છે. પણિ શબ્દનું લાટિન રૂપ પોઈનસ Poenus અને ગ્રીક રૂપ ફોઈનસ Phoenis છે. યુરોપના લોકો તેને ફિનીશીયન કહેતા હતા. તેઓએ યુરોપમાં વસાહત સ્થાપેલ તેને ફિનીશીયા કહેતા હતા. સ્પેનમાં વસાહત તેઓએ સ્થાપેલ હતી. એ અંગેની માહિતી સ્ટ્રેબો તથા હિરોડોટસના આધારે ફેડરીક ચાર્લ્સ ડેનીયસે તેમના પુસ્તક ધ પોર્ટુગીઝ હિસ્ટ્રી ઑફ રાઈઝ એન્ડ ડિકલાઈન ઑફ ધેર વેસ્ટર્ન ઈમ્પાયરમાં આપેલ છે. ફિનીશીયન વસાહતીઓએ પોતાનું મૂળ વતન 'ગદિર' અથવા 'ગઈડરા' નામે હોવાનું જણાવેલ હતું. જેનો અર્થ કિલ્લા બંધ શહેર થાય એમ કહેલ હતું. આ માહિતી ધોળાવીરા અવશેષોને સંબંધિત માની શકાય એમ છે. પ્રો. ધારૈયા, ભટ્ટ અને કાઝીએ એમના રોમના ઈતિહાસ નામે પુસ્તકમાં ફિનિશિયનો અને રોમન વચ્ચે વિગ્રહ થયાની માહિતી આપેલ છે. ઈ.સ. પૂર્વે ૨૯૧માં ફિનીશીયનો યુદ્ધમાં હાર્યા હતા. રોમનોએ તેમના ઘરો બાળ્યાં, લૂંટ્યાં, મકાનો તોડ્યા હતાં. આ યુદ્ધને અંતે ધોળાવીરા પાસેનું નગર ઉજ્જડ. બનેલ હોવાની શક્યતા છે.

(૨) હિંદથી કળા, વિજ્ઞાન લિપિને યુરોપ લઈ જનાર લોકોને હેરોડોટસ અને સ્ટ્રેબોએ ઇંદુમિઅન કહેલ છે. ઇંદુમિઅન 'ઔએદુમ્બર' જાતિના લોકો માટે કહેવામાં આવેલ. ગુપ્તકાલીન ભારતમાં આર. જી. મજમુદારે ઔદમ્બર લોકોને વિશ્વામિત્રના વંશ જ કહેલ છે. ગેઝેટીયર ઑફ બૉમ્બે પ્રેસીડન્સી વોલ્યુમ ૧૩મા રાવલસન, હિરોડોટસ, લાસનના આધારે ઇંદુમિયાનના હિંદમાં આવેલ નિવાસ સ્થાન અંગે માહિતી આપેલ છે. એ મુજબ હિંદના દરિયાકિનારે બહેરિન નજીક ગરા (gharrha) નો અખાત આવેલ છે. તેના પશ્ચિમ ભાગમાં એપિર (Apir) નામે બંદર આવેલ છે. એ બંદર મારફતે ઇંદુમિઅન આવતા હોવાનું જણાવેલ છે. ઇઝરાયલના રાજા સોલોમને તેને ઓફિર (ophir) કહેલ છે. કોટેશ્વરથી જખૌબંદર નજીકના વિસ્તારને પહેલાં 'ગએડો' કહેવામાં આવતો હતો એમ ઠાકરશીભાઈ કંસારાએ તેમના પુસ્તક કચ્છ-ઈતિહાસ અને સંસ્કૃતિમાં લખેલ છે. જેને રાવલસને ગરા કહેલ છે, તેને પશ્ચિમે દરિયાકિનારે પીપર નામે ગામ છે જે એપિર હોવાનું માની શકાય છે. જૈન આગમ સાહિત્યમાં ગુજરાતમાં ડૉ. ભોગીલાલ સાંડેસરાએ કચ્છમાં આભીર વિસ્તાર હોવાનું લખેલ છે. જેનું મુખ્ય શહેર 'તગરા', 'તેરા' કે 'તેરાપુર' નામે હોવાનું જણાવેલ છે. ગએડાને પશ્ચિમે પીપર અને પૂર્વમાં તેરા નામે ગામ હાલમાં આવેલ છે. તેથી

* ૮-૨-બી, સંસ્કાર નગર, ભુજ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સોલોમનનું ઓફિર એ 'આભીર' વિસ્તાર હશે. આભીર, આભીર લોકો રહેતા હોવાથી કહેવામાં આવતું. જ્યારે 'ગએડો' પ્રદેશ આધારિત નામ મળેલ છે. ઈ.સ. પૂર્વે સ્ટ્રેબોએ તેજ રાષ્ટ્ર કહેલ છે. ઈ.સ. ૨૯માં વિલસર્ન એરિઅન એન્ટી ક્યુમાં તેજ રાષ્ટ્રમાં વાંચેલ, ઈ.સ. ૭૭માં પ્લિનીએ એ દંબરી કહેલ છે. ઈ.સ. ૧૫૦માં ટોલેમીએ સિંધને પૂર્વ ઓદંબરી કહેલ. બી.ડી.સેન્ટમારટીન અને લાસેને ઓદંબરને ઉત્તર ગુજરાત સુધી ફેલાયેલ અને રાધનપુરથી સાંકળેલ છે. આભીર અને ઔદંબર જનપદો નજીક હોવાનું માની શકાય.

(૩) નખત્રાણા તાલુકાના ખિરસ્તરા ગામ પાસેથી ઈ.સ.૧૯૭૧માં શીલ મળેલ છે. એ શીલ પરનું લખાણ પૂનાના પંડિત કિશનલાલ જેટલીએ વાંચેલ છે. તેમણે 'પ્રજાપતિ નહુષના સ્વાસ્થ ત્રણ' વાંચેલ છે. એમ ઠાકરશીભાઈ કંસારાએ તેમના પુસ્તક કચ્છ ઈતિહાસ અને સંસ્કૃતિમાં લખેલ છે. નહુષનો પુત્ર યયાતિ નામે હતો એમ મહાભારત કહે છે. તેને અસુર રાજકન્યા પત્ની શર્મિષ્ઠાથી દહુ, અનુ અને પુરુ નામે પુત્રો હતા. બીજી પત્ની અસુર ગુરુ શુક્રાચાર્યની પુત્રી દેવયાનીથી યદુ અને તુર્વસુનામે પુત્રો થયેલ હતા. દહુના વંશજ ભોજો, અનુના મલેચ્છ, પુરુના પાંડવ, તુર્વસુના યવન અને યદુના યાદવો થયા છે. અહીંથી તેઓ અન્ય પ્રદેશોમાં ફેલાયા હશે.

(૪) કચ્છના રણ અને અખાતમાં ફેરફાર થાય છે. જુદા જુદા લેખકોએ તેની નોંધ કરેલ છે. આ નોંધોને આધારે ગેઝેટીયર અને હિંદના પ્રાચીન ઈતિહાસમાં વિન્સેન્ટસ્મીથે માહિતી આપેલ છે. મોરલૂણ વિશે વિવિન ડી-સેન્ટ મારટીને પરંપરા નોંધેલ છે. એ મુજબ રણની અંદર શરૂઆતમાં વહાણ ચાલતાં હતાં. શરૂમાં રણમાં ઊંડે ૧૪ માઈલ પર બંદર હતું. પછી ૧૬ માઈલ હટીને લખપત બંદર થયું. એ પછી હટીને કોટેશ્વર બંદર થયું છે. સિંધમાં મુગલબીન પાસે અકબરે સમુદ્ર જોયેલ હતો. હાલે એ જગાથી સમુદ્ર ૫૦ માઈલ દૂર છે. બર્ન્સે 'ટ્રાવેલ્સ ઈન ટુ બોમ્બરા'માં ઇ.સ. ૧૮૩૫માં કચ્છના રણનો પહેલો અહેવાલ પ્રસિદ્ધ કરેલ છે. જેમાં જૂના બંદરની જગાએ નિરોણા, છારી અને પચ્છમ પાસે લંગરના પત્થરો મળેલ હોવાનું જણાવેલ છે. નાના રણની જમીન નીચે જતી હોવાથી અખાત રસ્તે સમુદ્ર આગળ વધતો હોવાનું મેજર વોટસને માનેલ છે. જેનો કેપ્ટન હર્બર્ટે સ્વીકાર કરેલ નથી. ઈ.સ. ૧૮૭૪માં જે ગામોએ જમીન રસ્તે જવાતું હતું એ ગામોમાં હવે સમુદ્ર રસ્તે જવાનું થાય છે તેવો રિપોર્ટ કર્નલ બારટને કરેલ છે. કચ્છ અને સૌરાષ્ટ્ર વચ્ચે શરૂમાં સમુદ્ર ન હતો. બન્ને વચ્ચે સમુદ્ર આગળ વધેલ તેને કચ્છમાં 'ગએડો' કહેવાયો. ઈ.સ. ૨૯માં વિલ્સને એરિઅન એન્ટીક્યુમાં તે જ રાષ્ટ્ર અને સીરીઓસ્ટ્રસ વાંચેલ. જે કચ્છ તરફ તેરા અને સમુદ્રની બીજી તરફ સૌરાષ્ટ્ર હોવાનું દર્શાવે છે. ઈ.સ. પૂર્વે ૬૬માં સ્ટ્રેબોએ તે જ લખેલ છે. જેથી એરિઅન સમયે તેજ અર્થાત કચ્છ તરફ બરાકે બંદર થયેલ હશે. ટોલેમિએ ઈ.સ. ૧૫૦માં બરાકે પછી કંઠીનો અખાત કહેલ છે. કંઠીના અખાતને અંતે માંડવી બંદર થયું છે. માંડવીથી સમુદ્ર આગળ વધેલ તેને કચ્છમાં નવીનાળ કહેવાયો જેને અંતે મુદ્રા બંદર થયેલ છે. મુદ્રા બંદરથી સમુદ્ર આગળ વધેલ તેને જોગણી નાળ કહેવામાં આવેલ અને તેને અંતે તુણા બંદર થયું છે. તુણાથી સમુદ્ર આગળ વધેલ એ નકરીનાળ કહેવામાં આવેલ અને તેને અંતે કંડલા બંદર થયેલ છે.

(૫) જાવા અને કમ્બોડિયામાં નોંધાયેલ પરંપરા પ્રમાણે ઈ.સ. ૬૦૩માં હિંદથી લોકો ત્યાં ગયા હતા અને વસાહતની સ્થાપના કરેલ. એ વસાહતનું નામ તેઓએ ગુજરાત રાખેલ હતું. તેઓ હિંદના પશ્ચિમ કિનારાના રોમનહાટ નામે બંદરથી જાવા ગયેલ હતા એમ ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસમાં રસિકલાલ પરીખ અને હરિપ્રસાદ શાસ્ત્રીએ જણાવેલ છે.

કિનિંગહામે તેમની એન્શિયન્ટ ભૂગોળમાં મુલ્તાનથી દક્ષિણ પૂર્વ લગભગ ૬૦ માઈલ દૂર રુમ ભૂમિ માનેલ છે. કચ્છના રણના ઉત્તરે રોમનહાટ માનેલ છે. જ્યાં રણમાં સિંધુની નરાશાખા દાખલ થયાનું જણાવેલ છે. અહીં સિંધુ નદીની મુખ્ય બે શાખા હતી 'હકરા' શાખા લખપત પાસે રણમાં મીઠા પાણીનું સરોવર બનાવતી હતી. બીજી 'વાહંદ' શાખા ઉમરકોટ પાસેથી પસાર થઈને છાટબેટ પાસે રણમાં દાખલ થતી હતી. અહીં બંદર હતું અને કસ્ટમ વસુલ કરવામાં આવતું હતું.



For Private and Personal Use Only

સાતમી સદીમાં ઇજિપ્તના શહેનશાહ જસ્ટીનના સમયે કોસમોસે હિંદની મુસાફરીનું વર્ણન કરેલ છે. તેમાં ઇજિપ્તના વહાણ હિંદના પશ્ચિમ કિનારાના બંદરે આવતા હતાં ત્યાં દૂરપૂર્વના વહાણો તેજાના અને આફ્રિકાથી હાથીદાંત લાવતા હતાં. છાડબેટ પાસેના બંદરે જુદા જુદા દેશના વહાણ આવતાં હતાં. આ વહાણના માલિકો આપસમાં માલ લે વેંચ કરતા હતાં. અને વેચાણ થયા પછી જે માલ દેશમાં રહેતો તેના પર કસ્ટમ વસુલ કરવામાં આવતું હતું. આમ ટેક્સ ફ્રી વેચાણની વ્યવસ્થા હતી તેથી આ બજારને રામ કી બજાર, રહીમ કી બજાર કે રોમન હાટ કહેવામાં આવતું હતું. આ બંદર નજીકનું મુખ્ય વેપારી શહેર પ્રતિહાર રાજાઓનું પાટનગર મંડોર હતું. જાવાના વસાહતીઓએ પોતાના પાટનગરનું નામ 'મેન્ડન' રાખેલ હતું.

(૬) વલભીની સત્તા પશ્ચિમ સમુદ્ર સુધી હતી એમ આર્યમંજુશ્રી મુલકલ્પ ગ્રંથમાં કહેલ છે. ઇતિહાસ લેખક જયસ્વાલે પુરાણોની ભુગોળને આધારે વલ્લભીનુ શાશન ઉજ્જૈનથી કચ્છ સુધી વિસ્તરેલું જણાવેલ છે. ધ્રુવસેન ૧લાનું ઈ.સ. ૫૧૭નું દાનપત્ર, કચ્છ વિષયે આવેલ પુષ્યતરના કુમાર નામે બ્રાહ્મણને દાન આપ્યાનું છે. બીજું દાનપત્ર શીલાદિત્ય ૧ લાનું (ઈ.સ. ૫૯૫ થી ૬૧૨) ભદ્રેશ્વર મુકામે આપેલ છે. દેશી રાજના શાશનકાળમાં તલાટી માટે 'ધ્રુ' મુખી માટે 'મહેતર' તથા અશ્વરોહી માટે 'સવાર' શબ્દ કચ્છમાં વપરાતા હતા. જે મૈત્રક શાસનની અસર સૂચવે છે. કચ્છમાંથી સિંધના હિંદુ શાસકોના કોઈ સિક્કા મળેલ નથી. સિંધના શાસકે કચ્છમાં મંદિર બંધાવેલ હોવાનું જણાતું નથી. આથી કચ્છમાં મૈત્રકોની સત્તા હતી એમ ઠાકરશીભાઈ કંસારાએ લખેલ છે. કચ્છમાં સમા આગમન પછી ગુર્જર અપભ્રંશની અસર ઝીલતી કચ્છી ભાષા વિકાસ પામેલ હશે. કચ્છમાં બોલાતી ભાષાની વિશિષ્ટતાની નોંધ પાણિનીએ અષ્ટાધ્યાયીમાં કરેલ છે, 'કચ્છી ભાષાનું વર્ણનાત્મક પૃથ્થકરણ' નામે મહાનિબંધમાં ડૉ. સતીશ રોહડાએ કચ્છી ભાષા સ્વરાંત નહિ હોતાં વ્યંજનાંત ભાષા હોવાનું જણાવેલ છે. સંસ્કૃત ભાષાની મૂર્ધન્ય ધ્વનિ ઇન્ડો-યુરોપિયન પરિવારની બીજી કોઈ ભાષામાં નથી. એટલે એ અનાર્ય પ્રભાવ હોવાની સંભાવના વિમલચંદ પાંડ્યે તેમના પ્રાચીન ભારતકા રાજનીતિક તથા સાંસ્કૃતિક ઇતિહાસમાં દર્શાવેલ છે. ત્રીજું વિશ્વ પુરાતત્ત્વ અધિવેશન દિલ્હીમાં ભરાયેલ, જેનો અહેવાલ પથિક જાન્યુઆરી ૧૯૯૫માં આપેલ છે. તેમાં ડૉ. પરપોલો અસ્કો (ફિનલેન્ડ) ના 'એવિડન્સ ફોર દ્રવિડિયન લેન્ગવેજ ઇન ધ ઇન્ડસ ઇન્સ્ક્રીપ્સન' અને પ્રો મધીબનના 'કમ્પ્લીટ ડિસાઈફરમેન્ટ ઑફ ધ સ્ક્રિપ્ટ'ના નિબંધોમાં દ્રવિડ લિપિ હોવાનું જણાવી ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્રના પુરાવા ટાંકીને આ બાબતે આ વિસ્તારમાં સંશોધન અંગે રસ દર્શાવેલ હોવાનો ઉલ્લેખ છે.

---

(અનુસંધાન પૃ. ૧૨નું ચાલુ)

આ નાથોનો આચરણ-વ્યવહાર બગડતો ગયો, તેઓ સ્ત્રીઓ પણ રાખતાં થયાં. આથી સત્તાધીશોએ તેઓને મંદિરથી અલગ કરી, મઠાધિપતિ તરીકે સંન્યાસી નિયુક્ત કરાયા. ત્યારથી અહીંના મઠાધિશ સંન્યાસી જ હોય છે અને તેઓ ગુસાઈજી (ગોસ્વામીજી) તરીકે ઓળખાય છે તેમની અધ્યક્ષતામાં-બીજા કેટલાંક બ્રહ્મચારીઓ રહે છે જે મંદિરની પૂજાવિધિ સંભાળે છે. અહીંના મંદિરની પૂજાવિધિ પણ વિવિધ છે. અહીંનો દર્શન સમય પણ ઋતુ પ્રમાણે બદલાતો રહે છે.

સામાન્ય રીતે દરેક દર્શન (પૂજા) લગભગ ત્રણ કલાક રહે છે. આ મંદિરના પ્રાંગણમાં બીજાં અનેક નાના-મોટા મંદિરો-સ્મારકો પણ આવેલ છે. આમાંનું એક તે મહારાણા કુકભા દ્વારા નિર્મિત વિષ્ણુ મંદિર. આ મંદિરને લોકો અદ્યાપિ મીરાંબાઈનું મંદિર કહે છે-માને છે; અને હાલ મુખ્ય મંદિર (એકલિંગજી)ના ઘી, તેલ ઇત્યાદિ સામાન રાખવા માટે તેનો ઉપયોગ થાય છે !

આગળ નોંધ્યું તેમ બાપા રાવળ એકલિંગજી મંદિરના પ્રમુખ સ્થાપક હોવાની જનશ્રુતિ છે. આથી એકલિંગજી મેવાડના રાજકુળના ઇષ્ટદેવ તરીકે પૂજાય છે. એટલું જ નહિ, મેવાડના સ્વામી (મહારાણા) પણ તે જ મનાય છે. અને ખુદ મહારાણા તેના દીવાન-દીવાણજી તરીકે ઓળખાવે છે. આ ઉપરાંત મેવાડા બ્રાહ્મણોના પણ એકલિંગજી ઇષ્ટકુળ દેવ છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બ્રિટિશકાલના વડોદરા રાજ્યના એક મકાનની ભાડાચિઠ્ઠી

- વિભૂતિ વિ. ભટ્ટ

### ઈ.સ.૧૮૯૧ના વડોદરા રાજ્યના એક મકાનની ભાડીચિઠ્ઠી

૧૬૪૨૬૧

શ્રીમંત સરકાર ગાયકવાડ

દોન આણે

બડોદે

સેના ખાસખેલ સમશેર બહાદુર

૧. સંવત્ ૧૯૪૭ના વરખા જેઠ વદ ૮ તા.૨૫ ને સોમવાર માહે જુન સંન ૧૮૯૧ ઈસવી દીને ગાંમ મડાત.

૨. જના પાઃ લલુભઈ બહેચરદાસ જો(જા)ની લખી આપનાર મચકુર ગાંમનાં બઈ/:હનોબા

૩. પાઃ માધભાઈ વહેરીદાસની વીધવા ભારજાઃ જત લખી આપુ છુ કે તમારૂ ઘર નંગ ૧

૪. ઉગંમણ દવારનું આરડો પરસાલ ખાલ જુલ ચોક ચાલ સુધી પાઃ કરસંનદાસ મ.ોર.

૫. ભઈના ઘરથી દખસણતા પાસાનું હંમોએ ભાડે રાખુ છ તી(તે)ના ભાડાના રૂ.)

૬. અંકે નવમ. ૧૨) આપવાના કરા છ તે જાં સુધી રહીએ તાં સુધી સ્વ(સધ)

૭. લુ આપીએ તે તંમો કોઈને ભાડે ત્થાં ગીરૂ ત્થા વેચાણ આપો તો હંમો બીન

૮. તકરાદે ખાલી કરી આપીએ એમાં હંમાર કસી વાતની તકરાદ નથી આ ભાડાચીઠી હંમે હંમારી રાજી ખુસીથી લખી આપી છે તે ખરી છ ઉપર લખા પ્રમાં

૯. (ણે ની ખ)રી છે ____________________

મતુ ______________ સહી અતર ______________ સાખ

| | |
|---|---|
| ૧ અત્રે મહિત્તા બા પાઃમાધભઈ વહેરીદાસની વીધવા ભારજાનુ મતુ દાઃલખીતંગ । | ૧ પા. બોગભઈ કીસાભઈ સખદા. પોતે<br>૧ પાઃ રણછોડભઈ કાસીભઈ સખદ. પત<br>ધણી થી કજર પુરી છે<br>લાઃ સાઃ પુજા વાહાલચંદ ધણી બે હજુર લખ છે<br>સ. નંબર ૧૭૭૪૪<br>બાઈ હનાપ - . માધવભાઈ વેણીદાસની વીધવા ભારજા<br>રહેવાસી તા.પેટલાદ હા.વ.લલુભાઈ બેચરભાઈ મલાતજ<br>તા.૧૬જૂનસન્ ૧૮૯૧ |

આ ભાડાચિઠ્ઠી ઈ.સ.૧૮૯૧ની વડોદરા રાજ્યના **મડાતજ** ગામનું એક મકાન ભાડે રાખ્યા અંગેની છે.

ભો. જે. વિદ્યાભવનના હસ્તપ્રત સંગ્રહમાં ન શોધાયેલી, ન નોંધાયેલી અને ભેટ આવેલી હસ્તપ્રતોનું સંશોધન



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવાનું અને તેમાંની વિગતો એકત્રિત કરવાનું કાર્ય ચાલુ છે. તે પૈકી એક અત્યંત જીર્ણ અને ફાટેલા કાગળને જોડીને-સાંધીને વાંચવાથી ઉપરોક્ત એક ભાડાચિઠ્ઠીનો બ્રિટીશકાલીન નમૂનો હાથ લાગ્યો છે. મરાઠી બે આનાના સ્ટેમ્પ પેપર ઉપર શ્રીમંત સરકાર ગાયકવાડ સેના ખાસ ખેલ સમશેર બહાદુરના ગોળાકાર સ્ટેમ્પથી ચાલતું હોવાનું સૂચવે છે. આ પરથી તે સમયે ન્યાયતંત્ર વ્યવસ્થિત ચાલતું હોવાનું સૂચવે છે. અત્યારની જેમ તે સમયે પણ મકાન માલિક અને ભાડુઆતના 'સ્ટેન્ડર્ડરેન્ટ' અંગેની વ્યવસ્થિત ભાડાચિઠ્ઠીનાં લખાણ લેવાતાં-અપાતાં હોવાનો આ નક્કર પુરાવો છે. જો કે આ ભાડાચિઠ્ઠી અને અત્યારના 'સ્ટેન્ડર્ડરેન્ટ'ના લખાણ-ધારાધોરણમાં થોડા-ઘણો ફરક પડી જાય છે.

એમાં ૯ પંક્તિ, ગુજરાતી ભાષા અને લિપિમાં લખાણ છે. અનુસ્વાર કે જોડણીમાં મૂળમાં અર્થની દૃષ્ટિએ બહુ ફેર ન પડતો હોય તો યથાવત લખાણ રાખ્યું છે. જ્યાં આવશ્યકતા હોય ત્યાં કૌંસમાં ન છૂટકે સુધારેલો પાઠ અર્થમાં વિશેષ પ્રકાશ પાડવા માટે નોંધાયેલો છે. ૯ લીટી એ મત્તુ-સાખ સાથેની સહી-સિક્કાવાળી આ ભાડાચિઠ્ઠી છે. કોઈ અધિકારીની સહી કે સ્ટેમ્પ મારેલો નથી. આ નમૂનારૂપે અહીં સચવાઈ છે, તે પ્રસ્તુત છે.

**સારાંશ :**

આ ભાડાચિઠ્ઠી વડોદરા રાજ્યના એક મકાનની ઈ.સ.૧૮૯૧, તા.૨૫મી જુન સોમવાર અર્થાત્ વિ.સ.૧૯૪૭ના જેઠ વદ ૮ને દિવસે થયેલી છે. મડા(લા)તજના વતની (રહેવાસી) પા. લલ્લુભાઈ બહેચરદાસ જો(જા)ની એ જ ગામના બાઈ. નામે હ(સ)નોબા [મ]હેતા બા, જે માધભઈ વહેરીદાસની વિધવા ભાર્યા છે. (તેના શબ્દોમાં આવે છે કે) 'તમારું એક ઘર ઉત્તરાભિમુખનું છે. તેમાંનો ઓરડો, પરસાલ કે કરસન(કૃષ્ણ)દાસ મનોરભઈના ઘરથી દક્ષિણ તરફ આવે ત્યાં સુધીનું ઘર અમે ભાડે રાખ્યું છે. તેના ભાડાના રૂા.૯ ૧૨(બાર) મહિના (ના/ને?) આપવાના નક્કી કર્યા છે. તે અમે જ્યાં સુધી રહીએ ત્યાં સુધી અમે બધું આપીએ અને તમે કોઈને ભાડે કે વેચાણ આપો તો અમે કોઈપણ જાતની તકરાર કર્યા વિના ખાલી કરી આપીએ. અમારે એમાં કોઈ બાબતની તકરાર (ઝગડો) નથી. આ ભાડાચિઠ્ઠી અમે અમારી રાજીખુશીથી લખી આપી છે તે સાચી છે. ઉપર લખ્યા પ્રમાણે ખરી છે. ડાબી બાજુએ 'મતુ'ની લીટીની નીચેની પંક્તિમાં ઘર ભાડે લેનાર બાઈની સહી - લખનારનું નામ છે. બીજી બાજુ(જમણી) 'અતર'-લીટી અને પછી સાખ લખ્યા પછી તેની નીચેની પંક્તિઓમાં બે સાક્ષીઓની સહીઓ અનુક્રમે (૧) બોગભાઈ કીસાભાઈ અને (૨) રણછોડભાઈ કાસીભઈની સહીઓ છે. અને આ ભાડાચિઠ્ઠી લખનારનું નામ સા. પુજા વાહાલચંદ શાહ(સા.) એણે બે જણની સમક્ષ લખી છે.

આમ ભાડાચિઠ્ઠી કરી આપનારની સહી બે સાક્ષીની સહીઓ સાથે હોવાથી આ પ્રામાણિત ભાડાચિઠ્ઠી વિશ્વાસપાત્ર ગણાય. ૯ લીટીની આ ભાડીચિઠ્ઠી એ સમયની ગુજરાતી ભાષા અને લિપિમાં છે, જેને સરળતાથી સહુ કોઈ વાંચી-સમજી શકે તેમ છે. છતાં પ્રાદેશિક રંગ ભાષાને લાગવાથી કેટલીક વિશેષતા પણ નોંધપાત્ર છે. અમે=હંમાર=અમારે. અત્યારે પણ અનુસ્વાર વાળો ઉચ્ચાર અને તેનું લેખન પ્રચલિત છે. (પં ૫ અને ૮). તકરાદ=તકરાર=ઝગડો પં.૮) જાં....તાં=જ્યાં સુધી...ત્યાં સુધી. (પં.૬)."

વડોદરા રાજ્યના ગાયકવાડ રાજાનો ઈલકાબ"સેના-ખાસખેલ-સમશેર બહાદુર" ગોળાકારમાં મોહોરમાં લખાયેલો છે. આ ભાડે લેવા-આપવાનું ન્યાયતંત્ર વ્યવસ્થિત ચાલતું હોવું જોઈએ કેમ કે એમાં 'બાબાશાહી' સિક્કાની જેમ બે આના-મરાઠીમાં મુદ્રિત થયેલા છે અને રજીસ્ટ્રેશન અર્થાત્ નોંધણીનો નંબર તથા તારીખ અને તિથિ બંને નોંધાયેલા છે. ન્યાયતંત્રની ભાષા મરાઠી તેમજ ભાડાચિઠ્ઠી લખનારનું છેલ્લે નામ પણ લખાયેલું છે. 'સાક્ષ' તથા 'મત્તુ'માં બંને પક્ષોની સહીઓ સ્પષ્ટ જ છે. મલાતજ ગામનું એક મકાન બાઈ હનોબાએ, નવ રૂપિયા બાર મહિના માટેના ભાડામાં રહેવા માટે લીધું છે તેવું લખી આપ્યું છે. તેમાં ભાડે લેનારે ઘરધણી જ્યારે ગીરે મૂકવા કે વેચવા માટે મકાન ઘરધણી ખાલી કરાવે ત્યારે તકરાર કર્યા વિના ખાલી કરી આપવા બંધાયો છે તે ખાસ વિશેષતા છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બ્રિટિશકાલીન અમદાવાદની વાઘેશ્વર પોળના મકાનનું ખતપત્ર (ઈ.સ.૧૮૨૭)

પ્રા. વિકેશ પંડ્યા*

અમદાવાદના લોકજીવનની ઝાંખી કરાવતા કેટલાક ખતપત્રો વિદ્વાનોએ પ્રસિદ્ધ કર્યાં છે.[૧] નગરીય જીવન, લોકોની રહેણીકરણી તેમજ લોકોની આર્થિક સ્થિતિના વર્ણન તેમજ વિશ્લેષણની દૃષ્ટિએ તે ઉપયોગી પુરવાર થયાં છે. આ પ્રકારના મોટાભાગના ખતપત્રો અમદાવાદના મકાનો અને દુકાનોના ખરીદ-વેચાણ તેમજ ગીરવે મૂકવાને લગતાં છે અને તે અમદાવાદની પ્રતિષ્ઠિત વિદ્યાકીય સંસ્થા ભોળાભાઈ જેશીંગભાઈ વિદ્યાભવનમાં વ્યવસ્થિત રીતે સચવાયા છે.

આમ છતાં આજે પણ કેટલાક કુટુંબોએ આવા વિરલ દસ્તાવેજો સંઘરી રાખ્યા છે. મને પ્રસ્તુત દસ્તાવેજ જાણીતા ઈતિહાસકાર મકરંદ મહેતા પાસેથી પ્રાપ્ત થયો છે. તેમણે આ દસ્તાવેજ શ્રી પુરૂજીત સૈયદ પાસેથી પ્રાપ્ત કર્યો હતો. શ્રી સૈયદ ન્યાય ખાતામાં ડીસ્ટ્રીક્ટ અને સેશન્સ જજ તરીકે હતા અને ૧૯૨૮માં નિવૃત્ત થયા બાદ તેઓ અમદાવાદની બૌદ્ધિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં આગળ પડતો ભાગ ભજવી રહ્યાં છે. તેઓ પોતે વડનગરા નાગર ગૃહસ્થ છે. પ્રસ્તુત દસ્તાવેજ પણ તેમના જ વડવાઓને લગતો છે.

**દસ્તાવેજનું વર્ણન :**

દસ્તાવેજ મુજબ ત્રંબકલાલ સુંદરલાલ મહેતા નામના નાગર ગૃહસ્થે સંવત ૧૮૮૩ના વરસે પોષ સુદ ૧૧ ને સોમવારે વાઘેશ્વરની પોળમાં એક મકાન ખરીદ્યું. સેવકલાલ આત્મારામ મોઢ નામના એક નાગરે તેમને તે રૂ.૨૦૦૦)-માં વેચ્યું હતું.

ગુજરાતી બાળબોધ લિપિમાં ઘડવામાં આવેલા આ દસ્તાવેજની શૈલી છેક મુઘલ સમયથી આવેલી પરંપરાઓને અનુસરતી જોવા મળે છે. આ દસ્તાવેજ અક્ષરશઃ નીચે મુજબ છે :

**દસ્તાવેજ :**

"સ્વં(સંવ)ત ૧૮૮૩ના વરખે પોશ શુદ ૧૧ વા. શોમે દીને (૮, જાન્યુઆરી ઈ.સ.૧૮૨૭) મેહેતા. ત્રંબકલાલ સુનદરલાલ વારશાત જોગ લી. મેહેતા સેવકલાલ આતમારા

મ મેહેડ જતે અમારૂ ઘર ૧ મેહેલે વાઘેશરીની પાળ ચકલે રાઅપુરમાંની પોલનું ઘર ૧ તથા મેહેતા બજુભાઈ સુયાંનું ઘર તમોને અમારી

રાજીખુશીથી વેચાણ રૂ.૨૦૦૦) માટે આપુ છે તેના ખુટ ૪ ની વીગત ચોક કુ(ખુ)લો (?) પેશારો પછમ શામુ બારેણાનો છે ને પરશાળનું બારેણુ ઉતરા

ભીમુખનુ છે તેની પછીતમે હદે જણાતી (દખણાતી) મેહેતા કર્સનલાલ આણન્દલાલના ચોકમાં પડે છે તથા કરો ૧ પુરવ દીશાનો મેહેતા કેશવલા

લ સુદરલાલના દે(ડે)લામાં પડે છે તથા કરો ૧ પછમનો પોલના રશતામાં પડે છે આ રીતે અશલ હદ પરમાંણે તમોને વેચાણ આપુ છે

* ૩, ગાર્ડનવ્યુ એપાર્ટમેન્ટ, ઘનશ્યામબાગ સોસાયટી, ઉત્તમનગર, મણિનગર, અમદાવાદ-૮



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ને એ ઘરમાં મેડા જડેલા છે તે થતા જે કાંઈ પાટડા પીડીઆં ખીલા એ જીવાં (?) છે તે સરવે તમોને વેચાણ આપુ છે હવે એ ઘર ઉપર તમા

રી સાથે કોઈ શખશ દર દાવો કરે તેનો જવાબ અમારે દવો. હવેથી એ ઘર સાથે અમારે લેવાદેવા નથી. હરેક બાબતનો કોઈ શખશ

ઘરનો દાવો તેના ઉપર કરે તેનો જવાબ અમારે દેવો ને ઉપર લખા પરમાંણે ઘર અમારૂ તથા દેશાઈ બજુભાઈ વાળુ અસલ હદ

પરમાંણે તમોને વેચાથી આપુ છે ને એ ઘરનાં જુના ખત પતર તથા દશતાવેજ હોયતે શરવે તમોને આપવાં તે સીવાય એ ઘર

બાબતનો હરેક દશતાવેજ અમારી પાસે રહે તે રદ છે અમો અમારી રાજીખુશીથી તથા અકલ હોસીઆરીથી આ ખત તમોને

લખી આપુ છુ તે સહી છે. હવેથી અમારો કોઈ દર દાવો નથી તમો તમારે વશો વશાવો તે સુરજ ચંદરમાં તપે તાંહાં સુધી

ભોગવો તે ઉપર કોઈનો દાવો નથી આકાશ પતાળ સુધીમાં વેચાણ આપુ છે તે સહી છે કુળ અભરામના દાવા"

આ દસ્તાવેજને અંતે નીચેના શખ્સોએ શાખ પુરી છે.

| | |
|---|---|
| ૧. મેહેતા સેવકલાલ આતમારામ | ૨. મેહેતા રામરાય નાનાલાલ |
| ૩. દલાલ લાલદાસ ગોવર્ધનદાસ | ૪. પરી. વરજીવનદાસ રૂઘનાથદાસ |
| ૫. શાહ મોહનલાલ મયારામ | ૬. હઝરત ત્રીકમરાય મહેતાબરાય |
| ૭. દેસાઈ વૈકુંઠભાઈ બજુભાઈ | ૮. કીકાભાઈ દેસાઈભાઈ |
| ૯. મેહેતા વલભદાસ બંસીધરદાસ અને | ૧૦. મેહેતા જીવણલાલ પ્રાણનાથ |

## ઉપર્યુક્ત ખતપત્ર પર પ્રકાશ પાડતો નવો દસ્તાવેજ :

ઈ.સ. ૧૮૧૮માં અમદાવાદમાંથી મરાઠાઓનું શાસન નષ્ટ થયું અને બ્રિટિશ શાસનની સ્થાપના થઈ. આમ બ્રિટિશ શાસનની સ્થાપના પછીના માત્ર નવ વર્ષમાં જ (ઈ.સ.૧૮૨૭) પ્રસ્તુત દસ્તાવેજ ઘડાયો હતો. પરંતુ સદ્ભાગ્યે મને આજ મકાનને લગતો બીજો દસ્તાવેજ મળ્યો. તેની તારીખ ૪ સપ્ટેમ્બર ૧૮૭૧ છે અને તેની ઉપર અમદાવાદના આસીસ્ટંટ કલેકટર વ્હીટલની સહી સાથેની સરકારી મહોર છે. આ સમયે બ્રિટિશ સામ્રાજ્યવાદ લગભગ તેની ચરમસીમાએ પહોંચ્યો હતો, તેથી દસ્તાવેજની ઉપર સામ્રાજ્યવાદના ચિહ્ન રૂપે સિંહ અને શસ્ત્રોનું ચિહ્ન હોય તે સ્વાભાવિક છે. વળી ૧૮૭૧ના દસ્તાવેજમાં પ્રસ્તુત મકાનના માલિક તેમજ તેની આસપાસના મકાનો અને તેના માલિક ઉપર નવો જ પ્રકાશ નાખતો નકશો દર્શાવવામાં આવ્યો છે. (બ્રિટિશ સામ્રાજ્યવાદનું ચિહ્ન તથા નકશો લેખમાં સામેલ છે). ૧૮૨૭ અને ૧૮૭૧ના દસ્તાવેજોને ચકાસતા સ્પષ્ટ રીતે સમજાય છે કે કૌટુમ્બિક પેઢીઓ બદલાઈ હોવા છતાં વાઘેશ્વરની પોળનો ઢાંચો બદલાયો ન હતો. ૧૮૭૧ના દસ્તાવેજને સમજવામાં નીચેની વંશાવળી મહત્ત્વની છે.



For Private and Personal Use Only

નાગજીભાઈ મહેતા (શ્રી પુરૂજીત સૈયદના કુટુંબના મૂળ પુરુષ)
|
સુંદરલાલ
|
ત્રંબકલાલ (ત્રંબકલાલ સુંદરલાલ જેમણે ઈ.સ.૧૮૨૭માં મકાન ખરીદ્યું હતું)
|
લાલશંકર
|
જીવણલાલ

- બેચરલાલ
  - રમણીકલાલ
    - અનીરૂધ્ધભાઈ સૈયદ (ઈ.સ.૧૯૦૦-૧૯૬૬)
      - પુરૂજીતભાઈ સૈયદ (જન્મ: ઈ.સ.૧૯૩૦)
- અચરતલાલ
  - લીનકરાય
    - પ્રફૂલ્લભાઈ
  - જનુભાઈ(અપુત્ર)

## ૧૮૭૧નો દસ્તાવેજ :

આ દસ્તાવેજ ઘડાયો તે સમયે ત્રંબકલાલ સંદરદાસ (જેમણે ૧૮૨૭માં મકાન ખરીદ્યું હતું.)ના પુત્ર લાલશંકર જીવીત હતા. વળી ૪૪ વર્ષના ગાળામાં ગુજરાતી ગદ્ય પણ તેની અદ્યતન દશામાં વિકસ્યું હતું. તેથી ઈ.સ.૧૮૭૧ના દસ્તાવેજની ભાષા પ્રમાણમાં વધારે અદ્યતન છે. ગુજરાતી ઉપરાંત અંગ્રેજી ભાષામાં પણ લખાણ છે. પ્રસ્તુત દસ્તાવેજમાંથી પ્રાપ્ત થતી ગુજરાતી ભાષા નીચે મુજબ છે.

"જમીનના ધારાનો ઠરાવ કરવાસારૂ તથા જમીન ઉપરના ધણીપણાનો તથા બીજા હક દફતરમાં દાખલ કરીને કાએમ રાખવાના હેતુથી મુંબાઈના નામદાર ગવરનર ઈનકૌંસલે મુંબાઈનો સને ૧૮૬૫નો આકટ પેહેલાની કલમ ત્રણની અનવયે અમદવાદ શેહેરને લાગુ થાએ છે. અને તે સંબંધીના જરૂરીઆત તપાસ કરવાને હુકમ કરેલા છે. તે મુજબ થતાં આ સનદ આપવામાં આવે છે જે —

અમદાવાદ શેહેરમાં રાઅપુરના ભાગનાં નુક્ષાનો ટીકો બી નંબર ૪

માં સરવે રજીષ્ટરમાં નંબર ૯૮-૧૦૧માં નોંધાએલી જમીનનો ઉપભોગ કરનાર લાલશંકર ત્રંબકલાલજી તે વડનગરાનાગર- જાણાએ છે તે જમીન મદનગોપાલની હવેલીથી રાઅપુર ચકલામાં

જવાના રશતા ઉપર વાઘેસ્વરીની પોળમાં પશ્ચીમાભીમુખની છે. તેમાં આસરે ૨૯૨ બસેબાણુ સમચોરસ વાર જમીન છે તેના આકાર તથા માપની તપસીલ નીચેના નકશા પ્રમાણે છે." (જુઓ પૃ. ૯ ઉપર)


૧૮૭૧ના દસ્તાવેજમાં ઉમેરવામાં આવેલી વીગતો મહત્ત્વની છે :-

"ઉપર લખેલી જમીન ખાનગી મીલકત ઠરાવેલી છે, તેથી તેના વખતે વખત જે કોઈ કાયદાસર માલીક હશે તેમની તરફ અંગરેજ સરકાર હક વીશેનો કોઈ પ્રકારનો વાંધો અથવા તકરાર ન લેતાં ચ-લાવસે. અને ફકત શેહેર-સુધારાના કર તથા દેશ-સુધારાના અમદાવાદ શેહેરસુધા આખા જીલામાં લાગુ થા તેવા કર, તથા સને ૧૮૨૭ ના કાયદા ૧૭ ની કલમ ૨ ની રકમ ૨ માં લખેલા પ્રકારના કર



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




સરકારના કાયદા મુજબ હવે પછી લેવાય, તે સીવાય બીજા કોઈ પણ પ્રકારના કર સદરહુ જમની ઉપર તથા તે ઉપરનાં મકાંન અથવા ઈમારત ઉપર સરકાર લેશે નહી...

અમદાવાદ કલેકટરની સહી મોહોરથી તારીખ ૪ માહે સપટબર સને ૧૮૭૧ ને રોજ

આ સનદ આપી છે.

ડાબીબાજુસર નકસા ઉપરથી નકસો કાહાઢી આ સનદમા ગુજરાતી લખાણનું કામ મેહ કેરૂ છે,

સહી ગીરજાશંકર લાલશંકર."

નકશા ઉપરથી પ્રાપ્ત થતી માહિતી નીચે મુજબ છે.

જે મકાનની વાત છે તેના કાયદેસરના માલિક લાલશંકર ત્રંબકલાલ હતા. નકશો જોવાથી ખ્યાલ આવશે કે તેમનું મકાન ૨૯૨ સમચોરસવાર જમીનમાં પથરાયેલું હતું. તેમના મકાનની ઉત્તરે છગન ફૂલા મહેતા, નાનશા ફૂલા મહેતા, બાપાલાલ ત્રંકબલાલ, જાદવરાય પરશોત્તમદાસ તથા આનંદરાય કલ્યાણરાયના મકાનો આવેલા હતા. લાલશંકર ત્રંબકલાલના મકાનની દક્ષિણે માધવલાલ બાપાલાલ તથા બેચરલાલ વખતચંદના મકાનો આવેલા હતા અને તેમની વચ્ચે સહિયારી ખડકી હતી. વળી દક્ષિણે કાનદાસ કરસનદાસનું મકાન આવેલું હતું. પશ્ચિમ દિશાએ વાઘેશ્વરની પોળનો માર્ગ આવેલો હતો.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**સમાપન :**

આજે તો અમદાવાદની ગણના ધંધા ઉદ્યોગથી ધમધમતા એક વિશાળ નગર તરીકે થાય છે. ઈ.સ.૧૮૨૭ અને ઈ.સ.૧૮૭૧ના દસ્તાવેજો દ્વારા આપણે જે મકાનનું વર્ણન કર્યું તેમાં ઓટલો, પ્રવેશખંડ, ચોક, પાણીયારૂં, ટાંકું, ઓરડો, રસોડું વગેરેનો સમાવેશ થતો હતો અને તેની ઉપર પણ એક માળ હતો.[૨] શ્રી પુરૂજીતભાઈ સૈયદે જણાવ્યું છે કે ૧૯૯૭માં આ મકાન જમીનદોસ્ત કરવામાં આવ્યું. ત્યારબાદ જ્યારે હું સ્થળ તપાસ માટે ગયો ત્યારે મેં જોયું કે એ મકાનને સ્થળે હાલ જૈન અપાસરાનું બાંધકામ ચાલી રહ્યું હતું.

શ્રી પુરૂજીતભાઈની અટક સૈયદ છે. સૈયદ, વોરા અને મુનશી જેવી અટકો વ્યવસાયલક્ષી હોવાને લીધે તે મુસ્લિમો અને નાગરોમાં આજે પણ પ્રચલિત છે. શ્રી પુરૂજીતભાઈના કુટુંબે "સૈયદ" અટક ક્યારે અને કયા કારણોસર અપનાવી તે વિષે સંતોષકારક માહિતી પ્રાપ્ત થતી નથી, પરંતુ એ વાત નિઃશંક છે કે તેમના દાદા રમણીકલાલ "સૈયદ" અટક ધરાવતા હતા.[૩] ૧૮૨૭ના દસ્તાવેજ મુજબ વાઘેશ્વરની પોળનું મકાન ખરીદનાર ત્રંબકલાલ સુંદરદાસની અટક "મેહેતા" હતી. શ્રી પુરૂજીતભાઈના પુત્રો પણ તેમની "સૈયદ" અટકને બદલે આજની તારીખમાં "મહેતા" અટક ધરાવે છે. ૧૮૭૧ના દસ્તાવેજમાં મેહેતા કે સૈયદ એમ કોઈપણ અટકનો ઉલ્લેખ કર્યા વગર મકાન માલિકનું નામ "લાલશંકર ત્રંબકલાલજી......વડનગરા નાગર" દર્શાવ્યું છે. તે ઉપરથી એવી અટકળ થઈ શકે કે પુરૂજીતભાઈના વડવાઓએ "સૈયદ" અટક ૧૮૭૧ બાદ ધારણ કરી હોય. અટકોનો ઈતિહાસ સાંસ્કૃતિક ઈતિહાસને સમજવામાં ઘણો મદદરૂપ છે.

ઈ.સ.૧૮૨૭ના દસ્તાવેજમાં જે બાળબોધ ગુજરાતી લિપિ છે તે છેક મુઘલકાલથી ચાલી આવે છે. મુઘલ સમયનાં કેટલાક ખતપત્રોમાં "કુલ/કુળ અભરામના દાવા" શબ્દ પ્રયોગ કરવામાં આવતો. ૧૮૨૭ના દસ્તાવેજમાં પણ આ શબ્દપ્રયોગ થયો છે. તેને વિષે જાણકારી આપતાં અમદાવાદના પ્રતિષ્ઠિત વકીલ શ્રી નિરંજનભાઈ ધોળકિયાએ સ્પષ્ટતા કરતાં મને જણાવ્યું હતું કે તે શબ્દ મૂળ ફારસી છે અને તે કાળક્રમે ગુજરાતી ભાષામાં ગૂંથાતો ગયો. શ્રી ધોળકિયાએ તેમની લાંબી વ્યવસાયીક કારકીર્દિ દરમિયાન આ પ્રકારના કોર્ટ કેસો જોયા-તપાસ્યા હતા. તેમણે સ્પષ્ટ પણે કહ્યું કે "કોઈ અબ રહા ન દાવા" એટલે કે "હવે કોઈ દરદાવો રહેતો નથી" એમ થાય છે. આ વસ્તુસ્થિતિ બતાવે છે કે ફારસી અને ગુજરાતી ભાષાઓ વચ્ચે ઘણું આદાનપ્રદાન થતું રહ્યું હતું. આજે પણ ગુજરાતી શબ્દોમાં અરબી અને ફારસી શબ્દો જોવા મળે છે.

આ લેખાં જે મકાન વિષે વિવેચન કરવામાં આવ્યું છે તે વાઘેશ્વરની પોળ વિષે પણ જાણવું જરૂરી છે. ઈ.સ.૧૯૪૭માં ભારતે આઝાદી હાંસલ કરી તે પહેલાં અમદાવાદના પરાંઓ વિકસતા જતા હોવા છતાં મોટાભાગના અમદાવાદીઓ કોટ વિસ્તારમાં જ વસતા હતા. પોળોને એક આગવું વ્યક્તિત્ત્વ હતું.[૪]

ઈ.સ.૧૬૦૬માં જૈન મુનિ લલિત સાગરજીએ રચેલી "ચૈત્ય પરિપાટી"માં ઝવેરીની પોળ, દોશીવાડાની પોળ, ઘાંચીની પોળ, ધનાસુથારની પોળ અને રાજા મહેતાની પોળ જેવા વિસ્તારોનો ઉલ્લેખ છે, પરંતુ તેમાં વાઘેશ્વરની પોળનો ઉલ્લેખ નથી. પરંતુ ઈ.સ.૧૭૬૫માં જ્ઞાનસાગરગણિએ રચેલ "ચૈત્ય પરિપાટી"માં વાઘેશ્વરની પોળનો સ્પષ્ટ ઉલ્લેખ છે. જ્ઞાનસાગરગણિએ ઉમેર્યું છે કે વાઘેશ્વરની પોળમાં આદિનાથ તીર્થંકરનું દેરાસર અસ્તિત્ત્વ ધરાવતું હતું. (૫) આમ વાઘેશ્વરની પોળ ૧૮મા સૈકાની, શરૂઆતમાં ઉગમ પામી હોય અને ત્યારબાદ વિકસી હોય તેમ જણાય છે.

વાઘેશ્વરની પોળના રહીશો કોણ હતા તે જાણવાની જિજ્ઞાસા થાય તો તે સ્વાભાવિક છે. આ બાબતમાં મગનલાલ વખતચંદે ઈ.સ.૧૮૫૧માં રચેલો ગ્રંથ 'અમદાવાદનો ઈતિહાસ' મદદરૂપ છે. તેમણે સ્પષ્ટ રીતે નોંધ્યું છે કે વાઘેશ્વરની પોળમાં વાઘેશ્વર માતાનું મંદિર હોવાથી તે નામ પડ્યું છે. આજે પણ તે મંદિર હયાત છે. વાઘેશ્વરની પોળની ઉત્તરે ચામાચીડીયાની પોળ છે. મગનલાલ વખતચંદે ખાસ ઉમેર્યું છે કે વાઘેશ્વરની પોળમાં શ્રાવકો અને નાગરો વસવાટ કરે છે. આજે અમદાવાદ ઘણું વિકસ્યું હોવા છતાં પણ આ પોળની મુખ્ય વસ્તી નાગરો તેમજ જૈન અને વૈષ્ણવ વણિકોની છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અમદાવાદ, સુરત, વડોદરા, નવસારી, નડિયાદ, રાજકોટ, જૂનાગઢ, ભાવનગર અને ભૂજ જેવા નાના મોટા નગરોના સાંસ્કૃતિક ઈતિહાસને સમજવામાં પોળો અને તેના રહેવાસીઓ અંગેનું વર્ણન અને વિશ્લેષણ પાયારૂપ છે. હું માનું છું કે જો વિવિધ નગરોને લગતાં ખતપત્રો શોધીને તેનું સંકલન, વર્ણન અને વિશ્લેષણ કરવામાં આવે તો તે ગુજરાતના નગરીય ઈતિહાસને સમજવામાં ઘણું મદદરૂપ થઈ શકશે. ગુજરાત ઈતિહાસ પરિષદ અને સૌરાષ્ટ્ર-કચ્છ ઈતિહાસ પરિષદ ઉપરાંત ગુજરાત રાજય દફતર ભંડારને મારી નમ્ર વિનંતી છે કે જો આ દિશામાં જો તેઓ આગળ વધે તો નગરીય ઈતિહાસ જેવા મહત્ત્વના પાસા ઉપર વધારે સ્પષ્ટ રીતે આપણી જાણકારી વધી શકશે. એટલું જ નહિ, નવી પેઢીના નગર આયોજકોને પણ તે સહાયરૂપ બની રહેશે.

પાદટીપ

૧. Makrand Mehta, "Khatpatras As a Source Of Urban History", *Indian Archives*, Vol. 30, No. 1, January - June 1981, pp.22-29; ભારતી સેલત, "ગૃહવિક્રય અંગેનું એક બ્રિટિશકાલીન અપ્રસિદ્ધ ખતપત્ર", સામીપ્ય, ઓકટોબર, '૯૪-માર્ચ, ૧૯૯૫, પૃ. ૪૦-૪૩; ભારતી શેલત, "મુઘલ બાદશાહ મુહમ્મદશાહના સમયનું ઘરના વેચાણ અંગેનું ખતપત્ર વિ.૧૭૭૭ (ઈ.સ.૧૭૨૧)", વિદ્યાપીઠ, અંક ૧૨૯-૩૦, મે-ઓગસ્ટ, ૧૯૮૪, પૃ. ૫૧-૫૪; ભારતી શેલત, "સં.૧૭૨૯, શક ૧૫૯૫નું ખતપત્ર", પથિક-દીપોત્સવાંક, ઓકટો-નવેમ્બર, ૧૯૯૨) પૃ. ૬૩-૬૫; પ્રવીણચંદ્ર પરીખ અને ભારતી શેલત, "શ્રી ચીનુભાઈ ચીમનભાઈના સંગ્રહમાનું મુઘલકાલીન અપ્રસિદ્ધ ખતપત્ર, વિ.સં.૧૭૧૯", સામીપ્ય, પુ.૨, અંક-૪, જાન્યુ-માર્ચ ૧૯૮૬, પૃ.૧૯૯-૨૦૬; પ્રવીણચંદ્ર પરીખ અને ભારતી શેલત, "શેઠ શ્રી ચિનુભાઈ ચિમનભાઈના સંગ્રહમાંનું અપ્રસિદ્ધ તામ્રપત્ર", સામીપ્ય, એપ્રિલ, ૯૦-માર્ચ, ૧૯૯૧, પૃ.૩૬-૪૦; વિભૂતિ વિ. ભટ્ટ, "અમદાવાદનું મુઘલકાલીન ગૃહગ્રહણક ખતપત્ર" સામીપ્ય, ઓકટોબર, ૯૫-માર્ચ, ૧૯૯૬, પૃ.૧૧૬-૧૨૦, ૧૨૫; વિભૂતિ વિ. ભટ્ટ, "અમદાવાદનાં કેટલાંક પરાં અને પોળો", સ્વાધ્યાય, પુ.૨૮, અંક ૩-૪, અક્ષયતૃતીયા-જન્માષ્ટમી અંક, મે-ઓગષ્ટ ૧૯૯૧, પૃ. ૧૫૫-૧૬૮; વિભૂતિ વિ. ભટ્ટ. ભો.જે.વિદ્યાભવન, મ્યુઝિયમનું મુઘલકાલીન ગ્રહણક ખતપત્ર, વિ.સં.૧૭૩૩", સ્વાધ્યાય, પુ. ૩૦, અંક ૩-૪, અક્ષયતૃતીયા - જન્માષ્ટમી અંક, એપ્રિલ-ઓગષ્ટ ૧૯૯૩, પૃ. ૧૬૧-૧૬૮; યતીન્દ્ર દિક્ષીત," મોગલ પાદશાહ મુહમ્મદશાહના સમયનું ગુજરાતનું ઘરાણા હિસ્સાની વહેંચણીનું એક ખતપત્ર", વિદ્યા, ગ્રંથ-૨૦, જાન્યુઆરી ૧૯૭૭, પૃ. ૨૮-૩૯.

૨. શ્રી પુરૂજીતભાઈ સૈયદ સાથેની રૂબરૂ મુલાકાતને આધારે

૩. એજન

૪. મકરંદ મહેતા, "મુઘલ હિંદના સુપ્રસિદ્ધ વેપારી અને દાનવીર શેઠ શાંતિદાસ ઝવેરીનું વસિયતનામું (૧૯૫૬): અમદાવાદના સાંસ્કૃતિક ઈતિહાસનું વિશ્લેષણ", સામીપ્ય, જાન્યુ-માર્ચ ૯૭, પૃ. ૧૪૨-૧૬૦.

૫. વધુ વિગત માટે જુઓ, રમણલાલ ના. મહેતા અને કનુભાઈ વ્ર. શેઠ, અમદાવાદની ચૈત્યપરિપાટીઓ (અમદાવાદ, ૧૯૯૫).



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એકલિંગજી મહાદેવ

— હસમુખભાઈ વ્યાસ

ભારતના પ્રાચીનતમ ધર્મોમાં શૈવધર્મનું પ્રમુખ સ્થાન છે. સમગ્ર બૃહત ભારતના ખૂણે-ખૂણે શૈવ ધર્મનાં મૂળ આજ પણ જોઈ શકાય છે. ભારતનું એક પણ ગામ-કસ્બો-નગર એવું નહિ હોય જ્યાં શિવમંદિર ન હોય, એમ કહીએ તો અતિશયોકિત નહિ ગણાય. સમગ્રભારતમાં પથરાયેલા શૈવમંદિરોમાંનું એક પ્રાચીન સ્થાન તે એકલિંગજી મહાદેવનું મંદિર. ઉદયપુર (રાજસ્થાન)થી ઉત્તરે લગભગ ૨૧ કિ.મી. રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. ૮ (આઠ) પર કૈલાસપુરી નામનું ગામ આવેલું છે, ઉક્ત મંદિર અહીં છે. ગામનું નામ તો કૈલાશપુરી છે. પરંતુ 'એકલિંગજી' ગામનું નામ હોય તેમ ઓળખાય છે !

શિવમંદિરમાં લિંગ કે પ્રતિમાની સ્થાપના હોય છે. અર્થાત શિવજીની પૂજા તેના પ્રતીક તરીકે લિંગ કે પ્રતિમા સ્વરૂપે થતી હોય છે.'એકલિંગજી શબ્દ' લિંગનો ભાવ દર્શાવે છે અર્થાત્ 'એવું શિવમંદિર જ્યાં એકલિંગ હોય અર્થાત પ્રતિમા ન હોય અહીં એક બાબતની સ્પષ્ટતા કરી લઈએ કે 'લિંગ' અને 'મૂર્તિ-પ્રતિમા' બન્ને અલગ છે. લિંગ લંબ ગોળાકાર લીસ્સું કે ક્વચિત ખરબચડું હોય છે, આમાં કોઈ જાતનું અંકન (તક્ષણ) થયેલ હોતું નથી. જ્યારે ઘણીવાર લિંગમાં જ શિવની પ્રતિમા-(અહીં પ્રતિમા મુખનાં અર્થમાં લેવાનું છે અર્થાત શિવનું આખું સ્વરૂપ નહિ પણ માત્ર મુખ). અંક્તિ-કોતરવામાં આવે છે. ત્યારે આને 'મુખલિંગ' કહેવાય છે. સામાન્ય રીતે આની (મુખની) સંખ્યા એકની હોય છે પણ ઘણીવાર એકાધિક પણ હોય છે. આ રીતે 'એકલિંગજી' માત્ર 'લિંગ' હોવાનો અર્થ ભાવ કરે છે. પરંતુ હકીકતે તો તે છે ચર્તુમુખ લિંગ !

'એકલિંગજી થોડી વિશે, ચર્ચા કરીએ : આગળ નોંધ્યું એ પ્રમાણે 'એકલિંગજી' શબ્દ એક લિંગ હોવાનો અર્થ દર્શાવે છે, પરંતુ 'એક લિંગ'નો એક અન્ય અર્થ આ પ્રમાણે પણ મળે છે : એક જ દેવ મૂર્તિવાળું સ્થાન તે એકલિંગજી, આ શબ્દ (એકલિંગજી) શિવનો પર્યાય મનાય છે. આના વિષે એક શ્લોક આ પ્રમાણે મળે છે :

**पञ्चकोशान्तरे यत्र न लिंगान्तरमीश्यते ।**
**तदेकर्लिगमारव्यातं तत्र सिद्धिरुतमा ॥**

—જેની પાંચ કોશની અંદર એક જ લિંગ હોય બીજું ન હોય તેને એકલિંગસ્થાન કહેવાયું છે, ત્યાં (તપ કરવાથી) ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

આ મંદિર પ્રાચીન અવશ્ય છે પરંતુ તેનો આદ્ય સ્થાપક અજ્ઞાત છે. જનશ્રુતિ પ્રમાણે બાપા રાવળે તેને બંધાવેલ : લગભગ ૮મી સદી. મુસ્લિમ આક્રમણખોરોએ તેનો ધ્વંસ કર્યા બાદ મહારાણામોકલે તેનો જીર્ણોદ્ધાર કરાવી ફરતો મજબૂત કોટ કરાવ્યો. આ પછી રાણા રાયમલે નવેસરથી વર્તમાન મંદિર બનાવરાવ્યું : ઈ.સ. ૧૪૬૭ મંદિરમાં રહેલ કાળા આરસની ચર્તુમુખ શિવલિંગની પણ તેમણે જ સ્થાપના કરેલ છે. મંદિરના દક્ષિણ દ્વારની સામે રાણા રાયમલની ૧૦૦ શ્લોકની એક પ્રશસ્તિ છે. આમાંથી મેવાડના ઇતિહાસ અને આ મંદિર વિષે ઘણી માહિતી પ્રાપ્ત થાય છે. પ્રસ્તુત મંદિરની દક્ષિણે એક ટેકરી પર અહીંના મઠાધિપતિ અને વિ.સં. ૧૦૨૮ (ઈ.સ. ૯૭૧) માં લકુલીશ ભગવાનનું મંદિર બનાવડાવેલ તે છે. આ મંદિરથી થોડે નીચે વિંધ્યવાસિની દેવીનું મંદિર છે. મૂળ તો બાપા રાવળના ગુરુ નાથ (સાધુ) હારિતરાશિ એકલિંગજીના મહંત હતાં. આથી તેમના પછી મંદિરની પૂજા ઇત્યાદિનું કાર્ય તેની શિષ્ય પરંપરા આધીન રહેલ. આ નાથોનો પ્રાચીન મઠ એકલિંગજીના મંદિરના પશ્ચિમે આવેલ છે. સમય જતાં

(અનુસંધાન પૂ. ૩ની નીચેથી ચાલુ)



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લોકસાહિત્યના કેટલાંક અલ્પજ્ઞાત લગ્નગીતો - એક દૃષ્ટિપાત★

જયંતિ કે. ઉમરેઠિયા

"આપણાં પૂર્વજોએ બહુ જ સુંદર, કાવ્યમય અને સ્વાભાવિક એવું એક સાહિત્ય નિર્માણ કરેલું છે, આપણે એની ઉપેક્ષા કરી તે છતાં અશિષ્ટગણાતાં લોકમાં તે ટકી રહ્યું છે"[1]

ગ્રામ્ય પ્રદેશના લોકમાં લગ્નગીતોનું આકર્ષણ ગજબનું હોય છે. ગુજરાતના જુદા જુદા પ્રદેશો અને પ્રદેશે પ્રદેશે પોતાનું સ્વતંત્ર લોકસાહિત્ય છે. પ્રસ્તુત અભ્યાસ લેખમાં સૌરાષ્ટ્રમાં લગ્નપ્રસંગે ગવાતાં ત્રણ વિશિષ્ટ ગીતો દર્શાવીને એની ચર્ચા કરી છે. આ ગીતો મોટેભાગે કોઈ પુસ્તકમાં સંપાદિત થયાનું જાણ્યું નથી, કદાચ સંપાદિત થયા હોય તો પણ પાઠભેદે જૂદા પડતા હશે.

લગ્નપ્રસંગે સ્ત્રીઓના મધુર કંઠેથી ગાતા સાંભળેલા આ ગીતો બહુજન સંખ્યા સુધી પ્રચાર પામે એવો ઉદ્દેશ છે. લગ્નપ્રસંગે વહેલી સવારે કન્યાને પરણવા માટે વરપક્ષના સગા-સંબંધીઓ વરને લઈને પ્રયાણ કરે ત્યારે ઝગમગ ઝગમગ થતા તારલાઓ અને સુર્યના ઉજાસની રાહ જોતાં અંધકારભર્યા શાંત વાતાવરણમાં આ ગીતોની માધુરી અનેકના હૃદયને આનંદિત કરી મૂકે છે. એક વખત જામનગરના જ ગુજરાતીના પ્રાધ્યાપક લાભશંકર પુરોહિતના એક વક્તવ્યમાં સાંભળેલું કે "કમ સે કમ સૌરાષ્ટ્રની વ્યક્તિએ અથવા કોઈપણ વ્યક્તિએ આવા ગીતો ગવડાવવા માટે પણ એક વખત વિધિસર લગ્ન કરવા જોઈએ."

આજના શહેરી જીવનમાં અને થતાં સ્નેહલગ્નોમાં આ ગીતો નામશેષ થઈ રહ્યાં છે. ત્યારે ગ્રામ્યપ્રદેશોમાં સાજન-માજન સાથે વહેલી સવારે શ્વસુરગૃહે પ્રયાણ કરતી જાનમાં સ્ત્રીઓ ઊંચા અવાજે આજે પણ આ ગીતો ગાય છે અને ઉત્સાહ સાથે હૈયાના આનંદને વાતાવરણમાં વહેતો કરી મૂકે છે.

આ ગીતો ગાવાનો કોઈ ક્રમ નથી હોતો, જાન જેમ જેમ પ્રયાણ કરતી જાય તેમ તેમ યાદ આવ્યે ગીતો ગવાતા જાય છે પરંતુ દરેક સ્વતંત્ર ગીત - આખું ગીત - કોઈ એક જ ઢાળમાં, એક જ હલકે ગવાતું હોય છે. જેમ કે-

લીલુડા વાંસની મોરલી રે મારગડે વાંજતી જાય
સટકે ચાલે વીરની મોજડી રે, મજલે ચાલે વીરની જાન
(હો હો=સો સો) હો હો બંધુકિયા વીરને હોંઠસુ રે લાખે ઘોડે વીરની જાન (હોંઠસુ=
(પૂસીયુ=પૂછીયુ)ગામના પટેલીયે પૂસીયું રે આ સૂરી જાન કેની જાય (કેની=કોની)
જાનમાં રાણાને જાનમાં રાજીયા રે જાન મારા મોભીની જાય
જાનમાં ભિખુભાઈ બોલિયા રે જાન મારા મોભિની જાય

આ ગીતમાં અનુક્રમે પસાઈને પૂછ્યું - સામે કાકાનું નામ આવે, સરપંચ પૂછે ત્યારે મોટાભાઇનું નામ આવે- એવા શબ્દોની ગોઠવણી સાથે ગીતને લંબાવાય છે.

'વાંસની મોરલી' જેવો પ્રયોગ અહીં ધ્યાનાર્હ બની રહે છે. 'વાંસ' શબ્દ પ્રયોગ કેટલાંક અન્ય ગીતોમાં પણ થયો છે -

હા રે લીલુડા વાંસ વઢાવો
તેની રતન ટીપલીઓ મઢાવો

★ ★ ★

★ અહીં નિદર્શન માટે રજૂ કરેલાં ગીતો જામનગર જિલ્લામાં પટેલ જ્ઞાતિમાં ગવાય છે, તે રજૂ કર્યાં છે. થોડા અપવાદ સિવાય મૂળની બોલી જાળવી રાખી છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ડુંગર ઉપર ઉગ્યો વાંસ

એ રે વાંસનો વીંજણો ઘડિયો[2]

'વાંસ' અહી ઉપયોગિતા અને સમૃદ્ધિનું પ્રતિક બની જાય છે. ઉપરોક્ત સૌરાષ્ટ્ર પ્રદેશના ગીતમાં શબ્દોને લડાવી-મલાવીને રજૂ કર્યા છે. એની નાજુકાઈ તુરંત નજરે ચઢે છે દા.ત. લીલુડાં, મારગડે, વાજંતી વગેરે.

ગીતામાં વહેલી સવારનું વાતાવરણ અને ગ્રામ્યપ્રદેશના લોકની કુતૂહલવૃત્તિને પણ વણી લેવાઈ છે. જાન કોઈ ગામમાંથી વહેલી સવારે પસાર થાય ત્યારે રસ્તામાં કે ગામમાં વહેલી સવારે ઉઠી જતા લોક અંદરો અંદર તુરંત પૂછે કે "કયા ગામની જાન છે"

આમ પણ સાહિત્યમાં સમાજનું પ્રતિબિંબ યેનકેન પ્રકારે પડેલું જ હોય છે.

કયારેક ગીતોમાં વપરાયેલા શબ્દો બોલકા પ્રતિકો બનીને તુરંત ધ્યાન ખેંચે છે. જેમ કે -

(શબદ=શબ્દે) કારુડી કોયલ શબદે સોહામણી, હાલોને કોયલ આપણા દેશમાં

કોણ તારા દાદા, કોણ તારી માતા

કિયા ભાઈ પરણે હેમર હાથણી

વિનુભાઈ દાદા, શાંતાબેન માતા

રમેશભાઈ પરણે હેમર હાથણી

અહીં દાદા શબ્દનો ઉપયોગ 'પિતા' માટે કરાયો છે. ગીતમાં લંબાણ લાવવા માટે કાકા-કાકી, ભાઈ-ભાભીના નામ મૂકાય અને પછીની પંક્તિમાં એકધારું વરનું નામ આવ્યા કરે છે.

ગીતમાં કોયલ શબ્દનો ઉપયોગ જેટલો પક્ષી માટે થયો છે એટલો જ નવવધૂને લાગુ પડે છે.

કેટલાક ગીતોમાં 'વરરાજા' અને 'જાનૈયા'નું જાજરમાન વ્યક્તિત્વ અને દબદબો વગેરે દર્શાવાય છે જેમ કે -

(વરહે=વરસવું) વર વરહે સે મોતિયા જાનૈયા રૂપાવેલ રે (મોતિયા=મોતીએ)

(કાગર=પત્ર)કુંવારી કાગર મોકલે વેવારિયા વેલો આઈવ રે (આઈ=આવ્ય)

હું કેમ આવું એકલો મારા દાદાશ્રી દુવાઈર રે (દુવાઈર=દુર-એકલા એ અર્થામાં)

દાદાને ચડવા ઘોડલે પાલખીએ બેસી આઈવ રે

આ ગીતમાં રમ્યશબ્દચિત્રો અને કલ્પનાશક્તિ ગીતને જુદી જ ભૂમિકા બક્ષે છે. અહીં પણ દાદાશ્રી પછી કાકાશ્રી, વીરાશ્રી વગેરે શબ્દ ફેરે સંબંધો દર્શાવાય છે. અહીં 'દાદાજી' શબ્દ નહી પણ 'દાદાશ્રી' શબ્દનો ઉપયોગ કર્યો છે કેમકે દાદાજી, કાકાજી વગેરે સાસરી પક્ષના સંબંધીઓને સુચવે છે જ્યારે "શ્રી" શબ્દ અહીં પિયરપક્ષના સંબંધીનું સુચન કરે છે. આવી ઝીણામાં ઝીણી કાળજી અહીં નોંધપાત્ર બની રહે છે. આ ઉપરાંત "વેવારિયા" (પતિ માટે વપરાયેલો શબ્દ) શબ્દ પણ કાર્ય-સૂચક બની રહે છે.

ઉપરોક્ત ત્રણેય ગીતો સંવાદના સ્તરે આગળ ચાલે છે, પ્રશ્ન-ઉત્તર પ્રકારથી ગીત લંબાય છે. સૌરાષ્ટ્રની લોકબોલીના શબ્દોનો તેમાં ઉપયોગ થયો હોઈ કયાંક શબ્દો સમજવામાં અને અર્થ કાઢવામાં અન્ય વ્યક્તિને મુશ્કેલી અનુભવાય છતાં શબ્દોનું લાવણ્ય, ગોઠવણી, દાદ માગી લે છે. ઢાળમાં એકવિધતા હોવા છતાં તેમાંથી પ્રગટતું "નાવિન્ય" તુરંત ધ્યાન ખેંચે છે.

આમ જોઈ શકાય છે કે ગુજરાતી ભાષા-સાહિત્ય પાસે લોકસાહિત્યનો સમૃદ્ધ ખજાનો છે. હજુય ઘણું સાહિત્ય અલ્પજ્ઞાન છે, એને બહાર લાવવાના પ્રયત્નો જારી રહેવા જોઈએ.

**પાદટીપ :**

૧. તડવી રેવાબેન, શંકરભાઈ, 'તડવીઓના લગ્નગીતો અને વિધિઓ(લેખ) સ્વાધ્યાય, પુસ્તક-૧૦ અંક-૧, ઈ.સ.૧૯૭૨, પૃ.૭૪.

૨. 'લગ્નગીતો', પૃ.૭૦ (આ પુસ્તકના લેખકનું નામ, પ્રકાશન સ્થાન, સાલ વગેરે મળતું ન હોઈ માત્ર પુસ્તકનું નામ જ આપ્યું છે.)



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સૌરાષ્ટ્ર - કચ્છ ઈતિહાસ પરિષદનું ૧૧મું જ્ઞાનસત્ર

ડૉ. મુગટલાલ બાવીસી*

સૌરાષ્ટ્ર-કચ્છ ઈતિહાસ પરિષદનું ૧૧મું જ્ઞાનસત્ર સૌરાષ્ટ્ર યુનિ.ના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડૉ.અનિલ એમ. કીકાણીના પ્રમુખપદે તા.૨૮-૨૯ માર્ચ, ૧૯૯૮ દરમિયાન જૂનાગઢ મુકામે યોજાઈ ગયું. જ્ઞાનસત્રની ચર્ચાઓ અને ઉતારાનું સ્થળ શામળદાસ ગાંધી ટાઉનહૉલ પાસે આવેલ શ્રી મોઢ વણિક બોર્ડિંગ (વિદ્યાર્થીભવન) હતું. ભારતની આઝાદી અને જૂનાગઢની આરઝી હકૂમતના સુવર્ણજયંતી વર્ષમાં આ જ્ઞાનસત્ર જૂનાગઢ જેવા ઐતિહાસિક નગરમાં યોજાય એમાં ઘણું ઔચિત્ય હતું.

તા.૨૮મી માર્ચ, ૧૯૯૮ને શનિવારે સવારે ૧૦-૦૦ વાગ્યે ઉદ્ઘાટન બેઠકની શરૂઆત થઈ. મંજરીબેન ધોળકિયાની પ્રાર્થના પછી ઉપપ્રમુખ ડૉ. જે. પી. સોઢા, મંત્રીઓ ડૉ. પ્રદ્યુમન ખાચર, શૈલેષભાઈ ઘોડા અને નરેશભાઈ અંતાણી તથા ડૉ. પી. જી. કોરાટે મહેમાનોનું પુષ્પહારથી સ્વાગત કર્યું. મંત્રી શ્રી શૈલેષભાઈ ઘોડાએ સ્વાગત પ્રવચનમાં સામાન્ય ચૂંટણીને કારણે જ્ઞાનસત્ર યોજવામાં પડેલી તકલીફ અને થયેલા વિલંબના કારણો જણાવ્યા. શ્રી નરેશ અંતાણીએ સૌરાષ્ટ્ર-કચ્છ ઈતિહાસ પરિષદની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો. જૂનાગઢ જિલ્લાના કલેકટર શ્રી પંકજભાઈ જોશીની અનુપસ્થિતિમાં ઉદ્ઘાટક તરીકે પધારેલા નિવાસી નાયબ કલેકટર શ્રી શંકરદાન કેશુભાઈ લાંગાએ દીપ પ્રગટાવી જ્ઞાનસત્રનું ઉદ્ઘાટન કર્યું. એમણે એમના પ્રવચનમાં જણાવ્યું, 'ઈતિહાસને સત્ય સાથે સંબંધ છે. તેથી તેને રાજ્યાશ્રય મળવાનો સંભવ નથી. રાજકારણીઓ સાંસ્કૃતિક બાબતોમાં બહુ ઓછો રસ લે છે. જૂનાગઢના ખૂણે ખૂણે ઈતિહાસ સચવાયેલો છે. ઇતિહાસકારે ગમા-અણગમા વગર કામ કરવું જોઈએ.'

અતિથિવિશેષ સામાજિક કાર્યકર શ્રી ચૂનીભાઈ લોઢિયાએ એમના વક્તવ્યમાં જણાવ્યું, 'સરકારે ઈતિહાસના સંશોધનને મદદ કરવી જોઈએ. જૂનાગઢ પાસેના વંથળી અને ધંધુસર વચ્ચે ૧૨ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં એક આખું શહેર દટાયેલું પડ્યું છે. તેનું ઉત્ખનન થવું જોઈએ.' અતિથિવિશેષ અને જૂનાગઢની ડૉ.સુભાષ મહિલા આર્ટસ, કૉમર્સ એન્ડ હોમ સાયન્સ કૉલેજના આચાર્ય શ્રી ભુદરભાઈ જે. વાટલિયાએ એમના પ્રવચનમાં જણાવ્યું, 'પરંપરાથી વિરૂદ્ધનું સત્ય સમાજ સ્વીકારતો નથી. ભગવાન કૃષ્ણ રંગે કાળા નહિ પરંતુ ધોળા હતા એમ સાબિત થાય તો પણ સમાજ એ સ્વીકારશે નહિ.' જૂનાગઢના વતની અને વિશ્વના ઘણા દેશોનો પ્રવાસ કરનાર શ્રી પ્રવીણભાઈ શાહે જણાવ્યું કે જૂનાગઢના કોટના દરવાજાઓ અને જૂના સ્મારકોને તોડી પાડવાને બદલે જાળવી રાખવા જોઈએ.

સૌ.ક.ઈ.પરિષદના ભૂતપૂર્વ પ્રમુખ ડૉ. એસ. વી. જાનીએ એમના પ્રવચનમાં જણાવ્યું, 'આ પરિષદનું મુખ્ય કામ સંશોધનકારોની નવી પેઢી તૈયાર કરવાનું છે. ઈતિહાસમાં હકીકતોનું યોગ્ય અર્થઘટન થવું જોઈએ.' પરિષદના સ્થાપક પ્રમુખ અને નાદુરસ્ત તબિયતને લીધે જ્ઞાનસત્રમાં હાજર નહિ રહી શકેલા શ્રી શંભુપ્રસાદ હ. દેશાઈના લિખિત પ્રવચનનું વાચન કરવામાં આવ્યું. એમાં એવું સૂચન કરવામાં આવ્યું હતું કે પરિષદના અધિવેશન અને જ્ઞાનસત્રના આયોજન માટે અલગ ભંડોળ રચવું જોઈએ. શ્રી શંભુપ્રસાદ દેશાઈના પુત્ર એડવોકેટ શ્રી હરીશભાઈ દેશાઈએ જણાવ્યું, 'ઈતિહાસ અને પુરાતત્ત્વને લગતા કાયદાઓ સુધારવાની જરૂર છે. જૂનાગઢના સામાન્ય તથા ઓછું ભણેલા લોકો પણ ઈતિહાસમાં રસ ધરાવે છે.

પરિષદના પ્રમુખ ડૉ.એ.એમ.કીકાણીએ એમના મુદ્રિત પ્રવચનમાં જણાવ્યું, 'વર્તમાન યુગમાં ઈતિહાસના શિક્ષણની તીવ્ર જરૂરિયાત ઉભી થઈ છે કારણ કે સમાજના ચારિત્ર્યઘડતરનો આધાર ઈતિહાસના શિક્ષણ ઉપર અવલંબે છે. સૌરાષ્ટ્ર-કચ્છનો પ્રાચીન ઈતિહાસ ઘણો જ ગૌરવવંતો છે. કચ્છમાં ધોળાવીરાનું ઉત્ખનનકાર્ય ચાલુ છે. જૂનાગઢના નવાબો મુસ્લિમ હોવા છતાં હિંદુ અસર નીચે હતા અને હિંદુઓની પરંપરાઓ તથા રીતરિવાજોનું ચુસ્ત રીતે પાલન કરતા હતા.' આભારવિધિ મંત્રી શ્રી પ્રદ્યુમનસિંહ બી. ખાચરે કરી જ્યારે બેઠકનું સંચાલન બોટાદની બોટાદકર કોલેજના પ્રા.ડૉ. રમેશભાઈ પંડ્યાએ કર્યું. બેઠકના અંતે પરિષદના સ્વર્ગસ્થ થયેલા પ્રમુખ મણિભાઈ વોરાની તસવીરને ડૉ.કીકાણીએ પુષ્પાંજલિ અર્પી, ડૉ.જે.પી.સોઢાએ ભાવાંજલિ અર્પી તથા ઉપસ્થિત સભ્યોએ બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પી હતી.

બપોરના ભોજન પછી ૨-૩૦ વાગ્યે બીજી બેઠકનો પ્રારંભ થયો. સવારની બેઠકમાં ઉપસ્થિત નહિ રહી શકનાર

★ ૪/૪, શ્રીસાંઈ એપાર્ટમેન્ટ્સ, હવાડિયા ચકલા પાછળ, સૂરત-૩૯૫૦૦૩



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૂનાગઢના ઉદ્યોગપતિ અને અતિથિવિશેષ શ્રી પેથલજીભાઈ ચાવડાએ એમની લાક્ષણિક શૈલીમાં જણાવ્યું, 'ઇતિહાસકારો જે કહે તે સાચું મનાય છે. એટલે, ઈતિહાસકારોએ વિધાનો કરવામાં સાવધાન રહેવું જોઈએ.' ડૉ.એસ.વી. જાનીએ 'જૂનાગઢની આરઝી હકૂમત' વિશે વિસ્તૃત માહિતીપૂર્ણ પ્રવચન આપ્યું. ભાવનગર યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડૉ.પી.જી.કોરાટે 'ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓમાં એમ.ફિલ. અને પીએચ.ડી. પદવીધારકોની સૂચિ-એક અભ્યાસ' વિષય પર સંશોધનલેખ રજૂ કર્યો. ગુજરાત ઈતિહાસ પરિષદના નવા વરાયેલા પ્રમુખ ડૉ.મુગટલાલ બાવીસીએ જણાવ્યું, 'ઈ.સ.૧૯૬૪ સુધી ગુજરાતમાં ઈતિહાસ વિષયમાં એક પણ ગુજરાતી પીએચ.ડી.ના ગાઈડ ન હતા. એ પછી ડૉ.આર. કે. ધારૈયા, ડૉ.આર.જી. પરીખ વગેરે પીએચ.ડી.ના ગાઈડ (સંશોધન-માર્ગદર્શક) બન્યા અને એમના માર્ગદર્શન નીચે સંશોધન કરી ઘણાએ પીએચ.ડી.ની ડિગ્રી મેળવી.'

આ બેઠકમાં અને બીજે દિવસે તા.૨૯મીએ સવારની બેઠકમાં નીચેના અભ્યાસીઓએ નિબંધોનું વાચન કર્યું :-

(૧) પ્રભુતાબેન ભટ્ટ - 'ગોંડલ રાજ્યના મહારાજા ભગવતસિંહજી' (૨) કુ. ગીતા પટેલ - 'રાજકોટનું સ્વામીનારાયણ મંદિર-એક અભ્યાસ' (૩) પારુલબેન સતાશિયા - 'પીપાવાવ બંદર-ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં' (૪) નયનાબેન પારેખ - 'મોરબી રાજ્યના વિકાસમાં ઠાકોર વાઘજીનો ફાળો' (૫) ગોવિંદભાઈ મકવાણા - 'હિંદ છોડો લડતમાં સુરેન્દ્રનગર જિલ્લાનું પ્રદાન' (૬) પ્રા. વિમલભાઈ સી. મહેતા - 'વિસનગર ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં' (૭) નરેશ અંતાણી - 'કચ્છમાં જવાબદાર રાજ્યતંત્રની લડત' (૮) પ્રા. પરેશભાઈ મહેતા - 'લીંબડી રાજ્યની પ્રજાપરિષદ' (૯) પ્રા.ડૉ.પ્રદ્યુમનસિંહ ખાચર - 'ઈતિહાસ અને સમાજ' (૧૦) શૈલેષ ડવ અને સંજય મહેતા - 'સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ, રાજકોટ-એક અભ્યાસ' (૧૧) કુ.અંજના વાડોલિયા અને નયના મુંગરા - 'કરણસિંહજી હાઈસ્કૂલ, રાજકોટનું શૈક્ષણિક ક્ષેત્રે પ્રદાન' (૧૨) પ્રા.જયશ્રીબેન કોટેચા - 'પુષ્ટિમાર્ગ અને દયારામ' (૧૩) કુ.રેખાબેન ગાજીપરા - 'રાજકોટની રાષ્ટ્રીય શાળાનું પ્રાંગણ - એક અભ્યાસ' (૧૪) પ્રા.પ્રફુલ્લાબેન રાવળ - 'ગુજરાતી લોકસાહિત્યમાં ગીતકથા' (૧૫) પ્રા.કૌશિકભાઈ પંડિત - 'લોકનારીનો ઐતિહાસિક અભ્યાસ' (૧૬) દુષ્યન્ત શુક્લ - 'ભાવનગરની શામળદાસ કૉલેજના આચાર્યો અને પ્રાધ્યાપકો.' આ નિબંધોની ચર્ચામાં ડૉ.એસ.વી.જાની, ડૉ.પી.જી.કોરાટ, ડૉ.મુગટલાલ બાવીસી, ડૉ.જે.પી.સોઢા, મેંદરડાના કૉલેજના પ્રા.વાળા, ભારતીબેન એસ. દેસાઈ, યશવંત ઉપાધ્યાય, પ્રા.સાબિના કાદરી વગેરેએ ભાગ લીધો હતો.

આ જ્ઞાનસત્ર દરમિયાન પરિષદની કારોબારી તથા સામાન્ય સભાની બેઠક મળી, જેમાં પરિષદના વર્તમાન પ્રમુખ, હોદેદારો અને કારોબારી સમિતિને બીજાં બે વર્ષ માટે ચાલુ રાખવા નિર્ણય લેવાયો. પરિષદની આજીવન સભ્ય ફી વધારીને રૂા.૩૦૦ અને વાર્ષિક સામાન્ય સભ્ય ફી રૂા.૪૦ કરવામાં આવી. ગુજરાતનાં વિવિધ ગામો અને તાલુકાઓમાં જે પુરાતત્ત્વ અને સ્થાપત્યના અવશેષો વેરવિખેર સ્થિતિમાં પડ્યા છે તેને એકઠા કરી સારી રીતે સાચવવા ગુજરાત સરકારને વિનંતી કરતો ઠરાવ પસાર કરવામાં આવ્યો.

તા.૨૯મીએ બપોરે ૧૨-૦૦ વાગ્યે સમાપન બેઠક મળી, જેમાં મંત્રી શ્રી શૈલેષ ઘોડાએ જણાવ્યું, 'આ જ્ઞાનસત્ર કોડીનારમાં યોજાવાનું હતું. પરંતુ સામાન્ય ચૂંટણી અને અન્ય રાજકીય પ્રવાહોને કારણે એ બંધ રહ્યું. આજે એ જૂનાગઢમાં યોજાઈ રહ્યું છે.' શ્રી હર્ષદભાઈ વાળાએ જણાવ્યું કે જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજને એક સો વર્ષ પૂરાં થયાં તેથી તેની શતાબ્દી ઉજવવી જોઈએ. શ્રી હીરાભાઈ પંડિતે એવું સૂચન કર્યું કે બહાઉદ્દીન કૉલેજની સ્થાપનામાં જૂનાગઢના દીવાન પુરુષોત્તમ સુંદરજી ઝાલાનું મહત્ત્વનું પ્રદાન હતું. તેથી એ કૉલેજમાં તેમનું તૈલચિત્ર મૂકાવું જોઈએ. અંતે પ્રમુખ ડૉ.કીકાણીના વક્તવ્ય અને આભારવિધિ સાથે બેઠકની સમાપ્તિ થઈ. એ પછી સર્વ પ્રતિનિધિઓને જૂનાગઢના 'મનોરંજન સરકીટ હાઉસ'માં લઈ જવામાં આવ્યા અને ત્યાં સરસ સમૂહભોજન આપવામાં આવ્યું. જૂનાગઢના નવાબના એક બંગલામાં સુધારાવધારા કરીને તથા આધુનિક સગવડો ઉમેરીને આ 'મનોરંજન સરકીટ હાઉસ' બનાવવામાં આવ્યું છે.

આ જ્ઞાનસત્રમાં લગભગ ૬૫ પ્રતિનિધિઓએ ભાગ લીધો. દરેક પાસેથી રૂા.૮૦ પ્રતિનિધિ ફી લેવામાં આવી અને એમને રેક્ઝીનનો સુંદર બગલથેલો તથા શ્રી ખોડીદાસ પરમાર લિખિત 'ભાવનગર જિલ્લાનાં સલાટી-શિલાવત, કમાંગરી અને લોકશૈલીનાં ભીંતચિત્રો' શીર્ષકવાળી પુસ્તિકા ભેટ આપવામાં આવી. પરીક્ષાનો સમય હોવાથી પ્રતિનિધિઓની સંખ્યા પ્રમાણમાં ઓછી રહી. છતાં આ જ્ઞાનસત્ર દરેક રીતે સફળ બન્યું. દરેક બેઠકમાં ચર્ચાનું ધોરણ ઊંચું રહ્યું.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir






For Private and Personal Use Only